GJSR010028782026

ફાઇલ તારીખઃ ૦૩/૦૩/૨૦૨૬
દાખલ તારીખઃ ૦૩/૦૩/૨૦૨૬
ફેંસલ તારીખઃ ૦૯/૦૩/૨૦૨૬
અવધિઃ વર્ષ માસ દિવસ
૦૦ ૦૦ ૦૬

**મહેરબાન સુરતના બીજા એડીશ્નલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,સુરત**

**ફોજદારી પરચુરણ અરજી નંબર : ૧૫૯૨/૨૦૨૬**

**આંક :–**

**અરજદાર :** (૧) **સંજયકુમાર દિપનારાયણ**
ઉ.આ.વ. : ૨૧, ધંધો: હેલ્પર,
(૨) **અજયકુમાર રામદેવ**
ઉ.આ.વ.૨૩, ધંધો: હેલ્પર,
(૩) **જવાહરલાલ રામગુલાલ**
ઉ.આ.વ.૨૩, ધંધો: હેલ્પર,
તમામ રહે.હજીરાગામ, શિવમંદીર પાસે,
ચૌર્યાસી,સુરત.
(હાલ તમામ રહે.જીલ્લા જેલ,લાજપોર,સુરત.)

વિરુધ્ધ

**સામાવાળા :** શ્રી સરકાર

**અરજદારના વિ.વ.શ્રી વી.આર.શુકલા**

**સામાવાળાના વિ.ડી.જી.પી.શ્રી એન.એલ.સુખડવાલા**

**બાબત :–**ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ ૪૮૩ મુજબની રેગ્યુલર જામીન અરજ

## -: <u>ચુકાદો</u> :-

(૧) આ કામના અરજદારો સામે હજીરા પો.સ્ટે.પાર્ટ એ ગુ.રજી.નં .૧૧૨૧૦૦૦૧૨૬૦૦૫૦/૨૦૨૬ બી.એન.એસ.કલમ ૧૦૯(૧),૧૮૯(૨), ૧૯૦, ૧૯૧(૨),૧૨૬(૨),૧૩૨,૩૨૪(૨),૩૫૧(૩),૬૧(૨)(૧),૨૩૮ તથા પ્રિવેન્સન ઓફ ડેમેજ ટુ પબ્લીક પ્રોપર્ટી એકટ ૧૯૮૪ ની કલમ ૩,૪ મુજબનો ગુનો નોંધાયેલ છે અને તે ગુનાના કામે પોલીસે આ કામના અરજદારોની તા.૨૮/૦૨/૨૦૨૬ ના રોજ અટક કરી તા.૦૧/૦૩/૨૦૨૬ ના રોજ કોર્ટમાં રજુ કરતા કોર્ટે અરજદારોને જેલમા મોકલી આપેલ હોય અરજદારો હાલ જેલમા હોય રેગ્યુલર જામીન મેળવવા અરજદારોએ નાગરીક સુરક્ષા સંહીતાની કલમ-૪૮૩ મુજબની હાલની જામીન અરજી કરી છે.

(૨) અરજદારો તરફે અરજદારોના વિ.વ.શ્રી વી.આર.શુકલા નાઓને સાંભળ્યા. તેઓએ તેમની દલીલોમા મુખ્યત્વે જણાવ્યુ છે કે, હાલના અરજદાર/આરોપીઓ તદન નિર્દોષ છે તેમણે કહેવાતા આવા કોઈ ગુનાો કરેલા નથી કે તેમા કોઈ ભાગ ભજવેલ નથી. સદર ગુનાવાળી જગ્યાએ આશરે ૫૦૦૦ જેટલા ઈસમો ત્યાં હડતાલ કરી ઉભા હતા અને એ.એમ/એન.એસ કંપનીમાં સી-ગેટ પાસે અમુક માં ગણીઓ કરતા હતા પરંતુ હાલના અરજદાર/આરોપીઓ ત્યા ઉભા હતા અને અરજદાર/આરોપી નં.૩ નાઓ મોબાઈલ ફોનમાં વિડીયો ઉતારતા હતા અને વિડીયોના આધારે હાલના અરજદાર /આરોપીઓની ધરપકડ કરવામાં ાવેલ છે. હાલના

અરજદાર/આરોપીઓએ તે માંગણીઓમાં કે હુમલામાં સામેલ હતા નહી કે કોઈપણ ઈસમને કોઈ ઈજા પહોચાડેલ નથી અને સદર ઘટના ચાલતી હતી ત્યારે અરજદાર/આરોપીઓ બનાવવાળી જગ્યાથી નીકળી ગયેલા હતા. હાલના અરજદાર/આરોપીઓને માત્ર વિડીયોના આધારે ધરપકડ કરવામાં આવેલ છે. અરજદાર/ આરોપીઓ જાન્યુઆરી–૨૦૨૬ ના અરસામાં સુરત મુકામે નોકરી કરવા આવેલા છે અને એએમ/એનએસ કંપનીમાં હેલ્પર તરીકે નોકરી કરી તેમનુ ગુજરાન ચલાવે છે. અરજદાર/આરોપીઓનો કોઈ ગુનાહીત ઈતિહાસ નથી. અરજદાર/ આરોપીઓનો કેસ ચાલતા ઘણો લાંબો સમય જાય તેમ છે. અરજદાર/આરોપીઓ સુરત જીલ્લાના રહેવાસી છે. વધુમા આ કામના અરજદારો કોર્ટમાં નિયમીત હાજર રહેશે, કોર્ટ જણાવશે તે તમામ શરતોનુ પાલન કરશે વિગેર હકીકતે અરજદારોને યોગ્ય શરતોને આધીન રેગ્યુલર જામીન મુકત કરવા રજુઆત કરી છે.

(૩) સરકાર તરફે વિ.ડી.જી.પી.શ્રી એન.એલ.સુખડવાલા ને સાંભળ્યા. તેઓએ અરજીનો વિરોધ કરતા મુખ્યત્વે જણાવ્યુ છે કે, આ કામના અરજદાર/આરોપીઓએ તથા અન્ય આરોપીઓ આઠ કલાકની નોકરીનો સમય,ઓવર ટાઈમનો પગાર બમણો આપવા, પીવાના પાણી, ટોયલેટ–બાથરૂમની સફાઈ અને પગાર વધારો કરવા અંગે તેઓની માંગણી સંતોષકારક ઈરાદે પુર્વ આયોજીત કાવતરુ રચી, સમાન ઈરાદો પાર પાડવા એકસંપ થઈ ગેરકાયદેસર મંડળી રચી AM/NS કંપનીમાં ફરજ પરના અધિકારી/કર્મચારીઓ ને પોલીસ

વિભાગના અધિકારી/કર્મચારીઓ ઉપર હુલ્લડ કરી ધારદાર અને હત્યા થઈ શકે તેવા પથ્થરો તથા લોખંડના ટુકડા અને પાઈપોથી હુમલાઓ કરી હજીરા પો.સ્ટે.ના પી.આઈ.શ્રી વી.એલ.પરમાર તથા પી.સી.આર. વાનના ડ્રાઈવર પો.કો.વિમલભાઈ ચીમનભાઈ તથા પો.કોન્સ વિજયભાઈ કરશનભાઈ નાઓને ગંભીર પ્રકારની ઈજા પહોચાડી તેમજ પી.આઈ.શ્રી.ને ટોળાના મદદથી ત્રણથી ચાર જણાએ ગાડી રોકવાની કોશીષ કરેલ જેઓના નામ ફરીયાદીશ્રીને ખબર નથીપરંતુ જોયેથી ઓળખી શકે છે જેઓએ ફરીયાદીશ્રીના હાથમાંથી હેન્ડગ્રેનેટ છીનવી તેઓની ગાડીમાં ફેકી તેઓના શરીરના જમણા ભાગે તથા પોલીસ કર્મચારી વિજયભાઈ કરશનભાઈ નાઓને શરીરના ડાબા ભાગે ગંભીર ઈજા પહોચાડી ખુન કરવાની કોશીશ કરેલ. તેમજ સરકારી વાહનો તેમજ AM/NS કંપનીના સી–ગેટની અંદરના ભાગે પાર્ક કરેલ કંપનીના અને પોલીસ કર્મચારીઓના ખાનગી વાહનો સળગાવી દઈ તેમજ તોડફોડ કરી નુકશાન કરી તેમજ સેફટી માટે લગાડવામાં આવેલ સી.સી.ટીવી કેમેરા તોડી નાખી, ફુટેજ નષ્ટ કરી ગુનો આચરેલ છે. આ કામે તપાસ ચાલુ છે. અરજદાર/આરોપીઓ વિરુધ્ધ પ્રથમ દર્શનીય કેસ છે. અરજદાર/આરોપીઓના પ્રથમ થી જ એફ.આઈ.આર.માં નામો છે. અરજદાર/આરોપીઓએ અન્ય આરોપીઓ સાથે મળી હુલ્લડ કરતા હોય તેઓને સાહેદો દ્વારા ઓળખેલ છે. અરજદાર/આરોપીઓને જામીન મુકત કરવામાં આવશે તો સુલેહશાંતીનો ભંગ કરે કરાવે તેમ છે. અરજદાર/ આરોપીઓ ગુજરાત બહારના વતની છે જેથી જામીન મુકત કરવામાં

આવે તો તે નાસી ભાગી જશે અને ટ્રાયલ દરમિયાન હાજર નહી રહે જેથી કેસને નુકશાન જાય તેમ છે જેથી અરજદારને રેગ્યુલર જામીન પર મુકત કરી શકાય નહી વિગેરે હકીકતે અરજદારની અરજી રદ કરવા રજુઆત કરી છે.

(૪) અરજદારની અરજી, તપાસ કરનાર અમલદારશ્રીનુ સોગંદનામુ તેમજ તપાસના કાગળો વંચાણે લીધી તથા બંને પક્ષે વિ.વ.શ્રીઓને સાંભળ્યા. આ ગુનાની હકીકત ધ્યાને લેવામા આવે આ કામના આ કામના અરજદાર/આરોપીઓએ તથા અન્ય આરોપીઓ આઠ કલાકની નોકરીનો સમય,ઓવર ટાઈમનો પગાર બમણો આપવા, પીવાના પાણી, ટોયલેટ–બાથરૂમની સફાઈ અને પગાર વધારો કરવા અંગે તેઓની માંગણી સંતોષકારક ઈરાદે પુર્વ આયોજીત કાવતરુ રચી, સમાન ઈરાદો પાર પાડવા એકસંપ થઈ ગેરકાયદેસર મંડળી રચી AM/NS કંપનીમાં ફરજ પરના અધિકારી/કર્મચારીઓ ને પોલીસ વિભાગના અધિકારી/કર્મચારીઓ ઉપર હુલ્લડ કરી ધારદાર અને હત્યા થઈ શકે તેવા પથ્થરો તથા લોખંડના ટુકડા અને પાઈપોથી હુમલાઓ કરી હજીરા પો.સ્ટે.ના પી.આઈ.શ્રી વી.એલ.પરમાર તથા પી.સી.આર. વાનના ડ્રાઈવર પો.કો.વિમલભાઈ ચીમનભાઈ તથા પો.કોન્સ વિજયભાઈ કરશનભાઈ નાઓને ગંભીર પ્રકારની ઈજા પહોચાડી તેમજ પી.આઈ.શ્રી.ને ટોળાના મદદથી ત્રણથી ચાર જણાએ ગાડી રોકવાની કોશીષ કરેલ જેઓના નામ ફરીયાદીશ્રીને ખબર નથીપરંતુ જોયેથી ઓળખી શકે છે જેઓએ ફરીયાદીશ્રીના હાથમાંથી હેન્ડગ્રેનેટ છીનવી તેઓની

ગાડીમાં ફેકી તેઓના શરીરના જમણા ભાગે તથા પોલીસ કર્મચારી વિજયભાઈ કરશનભાઈ નાઓને શરીરના ડાબા ભાગે ગંભીર ઈજા પહોચાડી ખુન કરવાની કોશીશ કરેલ. તેમજ સરકારી વાહનો તેમજ AM/NS કંપનીના સી–ગેટની અંદરના ભાગે પાર્ક કરેલ કંપનીના અને પોલીસ કર્મચારીઓના ખાનગી વાહનો સળગાવી દઈ તેમજ તોડફોડ કરી નુકશાન કરી તેમજ સેફટી માટે લગાડવામાં આવેલ સી.સી.ટીવી કેમેરા તોડી નાખી, ફુટેજ નષ્ટ કરી ગુનો આચરેલ હોવાનો આક્ષેપ છે. આ કામે તપાસ ચાલુ છે. અરજદાર/આરોપીઓ ને જામીન ઉપર મુકત કરવામાં આવે તો પુરાવા સાથે ચેડા કરશે અને ફરીયાદપક્ષનાં કેસને નુકસાન પહોચાડે તેમ છે જેથી અરજદારોને આવા ગંભીર ગુનામાં આ તબક્કે જામીન પર મુકત કરવા યોગ્ય અને ન્યાયોચીત જણાતુ નથી જેથી અરજદારોની હાલની અરજી મંજુર થવા પાત્ર ન હોય નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

૧. આ કામના અરજદાર નં.**(૧) સંજયકુમાર દિપનારાયણ (૨) અજયકુમાર રામદેવ (૩) જવાહરલાલ રામગુલાલ** નાઓની હાલની નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૪૮૩ મુજબની રેગ્યુલર જામીન અરજી **નામંજુર** કરવામા આવે છે.

આ હુકમ આજરોજ તા.૦૯ મી, માહે–માર્ચ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી, જાહેર કર્યો.

તારીખઃ૦૯/૦૩/૨૦૨૬ **(આર.આર.ભટ્ટ)**
સુરત. બીજા એડીશ્નલ સેશન્સ જજ,સુરત.
Code No.GJ-00608